# સર્જકતા : આત્મભક્ષણની પ્રક્રિયા

- ચન્દ્રકાન્ત ટોપીવાળા

૨૦૧૬ નો મેડિસિનનો નોબેલ પુરસ્કાર મેળવનાર જપાની વિજ્ઞાની યોશિનારી ઓસુમી (Yoshinari Ohsumi)નો પહેલો પ્રત્યાઘાત એ હતો કે બધા સફળ થઈ શકતા નથી, પણ પડકારનો સામનો કરવો એ મહત્ત્વની વાત છે. કોઈ પણ ક્ષેત્રમાં દર વખતે ઊભા થતા પડકારમાં એક રચનાત્મક સામથર્ય પડયું હોય છે. યોશિનારી ઓસુમીએ શરીરના કોષો પોતે જ પોતાને ખાઈ જાય છે - એ આત્મભક્ષણ (autophagy, selfeating)ના વિજ્ઞાનક્ષેત્રે વર્ષોથી ચાલી આવેલા વિષયમાં નવી ભોંય ભાંગી છે. શરીરના કોષોની આત્મભક્ષણની મૂળભૂત પ્રક્રિયાને તેઓ અનેક પ્રયોગો પછી સમજાવવામાં અને સમર્પિત કરવામાં સફળ થયા છે. શરીરના કોષો અન્તઃત્વચામાં પોતાની જ સામગ્રીને જોડીને એનો નાશ કરી નવા કોશો નિમણ કરે છે. અને એમ પોતાના હ્રાસને રોકે છે. આ રીતે કોષોનું ચક્ર શરીરમાં સતત ચાલ્યા કરે છે. આ પ્રક્રિયામાં આવતો અંતરાય શરીર માટે હાનિકારક છે.

આમ આત્મભક્ષણની પ્રક્રિયા દ્વારા કોષોને જીવંત રાખવાની વાત કલાસર્જન અને સાહિત્યસર્જનને અનુલક્ષીને પણ જોઈ શકાય તેવી છે. સર્જકતાના સંદર્ભે ક્ષણેક્ષણે નવતા પામતી અને નવો નવો ઉન્મેષ દાખવતી પ્રતિમાનો સંસ્કૃત આચાર્યોએ નિર્દેશ કર્યો જ છે. ચિત્રકાર પિકાસોનો બ્લે યુગ ગુલાબી યુગથી થતો પ્રારંભ ડબલઇમેજ-યુગ સુધી વિસ્તરતો સર્જનકાળ કે પછી રિલકેનો વિવિધ તબક્કાઓમાંથી પસાર થતો સર્જનકાળ દશાંવે છે કે કોઈ પણ સર્જકે આત્મભક્ષણની પ્રક્રિયા સતત ચાલુ રાખવી જ પડે. અથવા કહોને કે સર્જકતા સાથે આત્મભક્ષણની પ્રક્રિયા સતત સંકળાયેલી છે. આત્મભક્ષણની પ્રક્રિયા વગર સર્જનના કોષો જીવંત રહી શકે જ નહીં. સર્જકતા સાથે સંકળાયેલું વરદાન કહો તો વરદાન અને સર્જકતા સાથે સંકળાયેલો શાપ કહો તો શાપ એ છે કે પોતાની મુદ્રા અંકિત કર્યો જવાની છે અને એ મુદ્રાને સતત અતિક્રમવાની છે.

ફિલ્મદિગદર્શક અભિષેક કપૂરે સૌમ્ય લાખાણીને ‘ઇન્ડિયન-એક્સપ્રેસ’ (૨૪ ૧-૨૦૧૬)માં આપેલી મુલાકાત વખતે આ જ વાતનો સ્પર્શ કર્યો હતો. કહે છે : “મારે મારી કોઈ સિગનેચર જોઈતી નથી. હું મારી જાતને પુનરાવૃત્ત ન કરી શકું એ અતિશય નીરસ કાર્ય છે. અને હું માનું છું કે મારી ફિલ્મમાં તમે મને ઓછો જુઓ એટલી મારી ફિલ્મો વધુ અર્થ ઊભો કરશે. મારું આ કાર્ય સપ્રયોજન છે - નવી ફિલ્મ એટલે કે નવી વ્યક્તિ. અને જ્યાં સુધી હું નવી રીતે વાતને મૂકી શકું એનો, મને સંતોષ હશે.” સિગનેચર વગર ઓળખ નથી અને ઓળખને એકની એક રાખવાની નથી એવી બેધારી બાજુઓ પર સર્જકતાને ટકાવવી હોય તો આત્મભક્ષણ

કલાક્ષેત્રેસાહિત્યક્ષેત્રે અનિવાર્ય પ્રક્રિયા છે. પરંતુ સર્જકતાના ક્ષેત્રે પણ આત્મભક્ષણ સાથે નવા કોષોનું નિમણ એ યુગપત ક્રિયા છે. નવા કોષોનું નિર્માણ પ્રતિભાશક્તિની સાથે સાથે નિપુણતા અને અભ્યાસનો સંસ્કાર માગે છે. તુકારામની જેમ ભક્તિભાવે એમ ન કહી શકાય કે “આપુલિયા બલે નાહીં મી બોલત / સખા ભગવંત વાચા વાંચી’ (પોતાને બળે હું કે બોલતો નથી / સખા ભગવંત વાચા એની). સંસ્કૃત આચાર્યોએ આથી જ પ્રતિભાની વ્યાખ્યા કર્યા પછી પણ પ્રતિભાની સાથે શાસ્ત્રીય અને લૌકિક જ્ઞાનની વ્યુત્પત્તિ તેમજ મૌન, પુન્યન પ્રવૃત્તિ - જેવો અભ્યાસ (Rehearsal) પણ ઇચ્છોયાં છે. પ્રતિભાને વાસનાસંસ્કાર લેખે આજના Genetics સાથે અલબત્ત જોડી શકાય. સાથે સાથે સમૃતિ (ભૂત), મતિ (વર્તમાન) અને પ્રજ્ઞા (અનાગત) જેવાં તંત્રોની કામગીરીને પણ લેખે લઈ શકાય. આ બધા પછી પણ લાદિમિર નેબોકોવ (Vladimir Nabokov) જેને Throb કહે છે કે જહોન અપડાઈક જેને Shiver કહે છે એ અચેતનતંત્ર (unconscious)ના દબાવની પણ ઉપેક્ષા ન કરી શકાય. આ સમગ્ર ઉત્પ્રેરણા (Afflatus)નું ક્ષેત્ર છે. પ્રતિભાની સંસ્કૃત વ્યાખ્યા “અપૂર્વ વસ્તુનિમણ - સમા પ્રજ્ઞા’ને પણ વધારે ખોલીને એમાં “અપૂર્વશૈલીનિમણિ’ અને “અપૂર્વરીતિનિમણિ’નો પણ સમાવેશ કરવો પડે. કાન્તનાં પ્રસિદ્ધ ચાર ખંડકાવ્યો. આનાં ઉત્તમ ઉદાહરણ છે. કાન્ત પોતાની વિશિષ્ટ દૃષ્ટિપૂર્વક અપૂર્વ વસ્તુનું પૌરાણિક સંદર્ભોમાંથી નિમણ કર્યું, સંસ્કૃત શ્લોકશૈલીને અનુસર્યા પણ સંસ્કૃતમાં નથી એવું પ્રાસપદ્ધતિનું નિર્માણ કર્યું અને કદાચ પહેલી જ વાર છાંદસ તરાહોની કલેવરરીતિનું નિર્માણ કર્યું. કાન્તનું આ મૌલિક પ્રદાન છે. અહીં મૌલિકતા (originality) અને સર્જકતા (creativity) વચ્ચેનો ભેદ પણ સ્પષ્ટ કરવાની જરૂર છે. મૌલિકતાનો મૂળગતતા સાથે સંબંધ છે. ગુજરાતી સાહિત્યમાં કાન્તના ખંડકાવ્યોનો ઉદ્ગમ પહેલી વાર અને તેથી એમાં મૌલિકતા છે. જ્યારે કાન્ત પછીના કવિઓ દ્વારા લખાયેલાં ખંડકાવ્યોમાં સર્જકતા (creativity) હોય, પણ મૌલિકતા કહી ન શકાય. આથી જ કહેવાયું છે કે બધી મૌલિકતા સર્જકતા છે - હોઈ શકે પણ બધી સર્જકતા મૌલિકતા કહેવાય નહીં. એટલે કે મૌલિકતા સર્જકતાનો ઉપવર્ગ છે.

સાહિત્યમાં સર્જકતા મુખ્યત્વે બે સીમાઓ તોડવાનો પ્રયત્ન કરે છે. એક ઇન્દ્રિયોની સીમા અને બીજી ભાષાની સીમા, એમ કહેવાય છે કે આપણને માત્ર પાંચ ઇન્દ્રિયો મળેલી છે અને માત્ર પાંચ ઇન્દ્રિયો વાટે સંવેદાય એટલું જ જગત આપણે સંવેદીએ છીએ. પાંચ ઇન્દ્રિયો સિવાય પમાતા જગતની આપણને જાણ નથી. તે જ રીતે દરેક ભાષા જે રીતે જગતને આપણી સામે ધરે તે જ રીતે જગતને આપણે પામીએ છીએ. ભાષાબહારની રીતે જગતને પામવાની આપણને જાણ નથી. સાહિત્યની સર્જકતા ઇન્દ્રિયોમાં રહી ઇન્દ્રિયોના વ્યત્વયો દ્વારા આપણી સીમિત ઇન્દ્રિયોને વિસ્તારે છે, તો સાહિત્યની સર્જકતા ભાષામાં રહી ભાષાની વિશિષ્ટ લાક્ષણિકતા અને વિશિષ્ટ અભિવ્યજિકતા દ્વારા સીમિત ભાષાને વિસ્તારે છે. આ દ્વારા જે કાંઈ નવું અને જુદું જન્મે છે એની પાછળ રચનાત્મક કલ્પના (Constructive imagination)નો વ્યાપાર સક્રિય રહે છે.

આપણા સામૂહિક ભૂતકાળના સમૃદ્ધ સાહિત્ય ઇતિહાસમાંથી ઘણુંબધું ખેંચતી હોવા છતાં સર્જકતા સાથે આમ આપણે રચનાત્મક કલ્પનાને જોડીએ છીએ, ત્યારે કશુંક ઉન્મેષમૂલક, અપરિચિત, અસાધારણ, તાજું, નવું અરૂઢ, અપારંપરિક અપેક્ષિત છે. એમાં એક પ્રકારના વિદ્રોહનું પણ રૂપ છે. ઉપરાંત રહસ્ય અને આશ્ચર્ય પણ જોડાયેલાં છે. આ તબક્કે ઉલ્લેખ (Allusion) અને પ્રતિકૃતિ (Parody)ને સમજવા માટે એમને નોખાં તારવવાં પડે. ઉલ્લેખમાં તમે અન્યની સાહિત્યસામગ્રીનો આધાર લો છો ખરા, પરંતુ અન્યની સાહિત્યસામગ્રી ક્યાંથી લીધી એ કરતાં એ સાહિત્યસામગ્રીને તમે ક્યાં પહોંચાડી એ મહત્ત્વનું બને છે. એનાથી ઊલટું, પ્રતિકૃતિમાં મૂળમાં તમે કેવી રીતે પહોંચ્યા અને તમારી કૃતિને મૂળ સાથે કેવી રીતે જોડી એ મહત્ત્વનું બને છે. આ બે છેડા વચ્ચે સર્જકતાને પૂરો અવકાશ છે. ‘ઉલ્લેખ' અને ‘પ્રતિકૃતિ’ - આ બે પ્રક્રિયાઓ પણ જૂના કોષોને નવા કોષોમાં રૂપાન્તરિત કરવાની ક્ષમતા ધરાવે છે.

ટૂંકમાં, સાહિત્યક્ષેત્રે સર્જક અસંતોષ (creative dissatisfaction)ની સંસ્કૃતિ જ આત્મભક્ષણ સાથે સતત નવી વસ્તુઓને વિચારવા તરફ અને નવી વસ્તુઓની રચના તરફ લઈ જાય છે. સાહિત્યકલા એ રીતે વણમથયું મથવાની અને અચવ્યું ચવવાની પ્રવૃત્તિ છે.

---